Volume 1, Issue 4,
July
2023

# ટપુક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી 365601, ગુજરાત

**સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા, બોર્ડ ઓફ ડાયરેકટ મીટીંગનું તારીખ ૨૩/૦૭/૨૦૨૩ ના રોજ આયોજન થયું. સંસ્થાની ગત વર્ષની કામગીરી અંગે ચર્ચા અને ભવિષ્યના કામોનું આયોજન થયું.**

## વાર્ષિક મિલન





સંસ્થાના વાર્ષિક મિલનનું આયોજન તા.૨૩/૦૭/૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક મિલનમાં સંસ્થાના ભૂતપૂર્વ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. જેમાં સુરેન્દ્રનાથ નાયક, સુરેશભાઈ ગોહિલ, વજુભાઈ ગોવિંદિયા, રેખાબેન ધડુક વગેરે તેમજ સંસ્થાના બોર્ડ ઓફ ડાયરેકટરશ્રીઓ અને અન્ય મહેમાનો ઉપસ્થિતિ રહ્યા હતા. વર્ષ ૨૦૨૨-૨૩ના લેખા જોખા અને મળેલ સફળતાઓ અને મુશ્કેલીઓની રજૂઆત સૌ સમક્ષ કરવામાં આવી. હાજર સૌના અભિપ્રાયો, સૂચનો સાથે નવા વર્ષમાં નવ ઉત્સાહ સાથે કામ કરવાની સંકલ્પના સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

## તાલીમ અને શિક્ષણ

**કાર્યકરોને નવું શીખવવાના ભાગ સ્વરૂપે સંસ્થાના ડાયરેકર ધીરુભાઈ વાગડિયા દ્વારા લીવીંગ, લર્નિંગ અને લવિંગ (જીવવું, શીખવું અને ચાહવું) વિષયે બે દિવસીય કાર્યશાળાનું આયોજન થયું જેમાં ૧૫ કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો.**




ટપુક E-MAGAZINE

Volume 1, Issue 4,

July 2023

**સંસ્થા દ્વારા અમલીકૃત વિવિધ કાર્યક્રમોના તમામ કાર્યકર્તાઓની એક તાલીમ કમ મીટીંગનું આયોજન તા. ૨૨/૦૭/૨૦23 ના રોજ અમરેલી ઑફીસ ખાતે થયું. જેમાં થયેલ કામગીરી સંદર્ભે ચર્ચા અને નવું શીખવાની બાબતો કાર્યકર્તાઓએ તાલીમ દ્વારા મેળવી.**







## અંક વિશેષ :

**શિક્ષણ સહાયતા કેન્દ્રની શરૂઆત જીકીયાળીમાં થઇ ત્યારથીજ બાળકોમાં બોલવાનો કે કઈક ના સમજાય તો પૂછવા માટેનો એક ડર જોવા મળતો. વાંચન, લેખન અને ગણનમાં બાળકો મુશ્કેલી અનુભવતા હતા. તેમની સાથે ધીમે ધીમે અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનથી શરૂઆત થઇ. અવનવી પ્રવૃત્તિઓ દ્વારા સમજ આપી. વર્ષના અંતે બાળકો વાંચન, લેખન અને ગણનમાં હવે કંઈ મૂશ્કેલી રહી નથી, સાથે સાથે તેઓમાં ઉત્સાહી, નિયમિતતા, સમૂહ ભાવના, સમયનું મહત્વ, જિજ્ઞાસાવૃત્તિ, બોલવાની કળા અને નૈતિકતા જેવા મૂલ્યો વિકસ્યા છે.**






## આરોગ્ય અને પર્યાવરણ

**વરસાદની ઋતુ વૃક્ષારોપણ અને વૃક્ષોના ઉછેર માટે ખુબજ મહત્વની છે, તેથી સંસ્થા દ્વારા કાર્યવિસ્તારના ગામોમાં વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન કરી, લોકો સ્વયં તેની જવાબદારી અને જતન કરે તેવા પ્રયાસો થયા.**













## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

પ્રાકૃતિક અને સજીવ ખેતી તરફ ખેડૂતોનો ઝુકાવ જોઈ સંસ્થાએ અર્ક મશીન વસાવવા માટે ઉમરીયાના ખેડૂત કામળીયા ખોડુભાઈને ૨૦૦૦૦ રૂ. મદદ કરી જયારે તેમણે ૧૩૫૦૦ જેટલું તેમનું અનુદાન આપી ૩૩૫૦૦ નું અર્ક મશીન વસાવ્યું. આ મશીનની મદદથી ગૌ મૂત્ર અને વિવિધ ઔષધિઓના પાન ના અર્ક તૈયાર કરવામાં આવશે.






8 જુલાઈ ના રોજ બીસીઆઇ રિલેશનશીપ મેનેજર અખીલ દેવ દ્વારા PP કૉટન કનેકટના 9 પીયુની સપોર્ટ વિઝીટ કરવામાં આવી. રાજકોટ ખાતે વર્કશોપ યોજાયો જેમાં પીયુ ટીમ દ્વારા શું ઇન્ટરવેન્શન કરવામાં આવ્યાં અને શું અમલી કરવાની જરૂર છે તેના પર વિસ્તૃત ચર્ચાઓ કરવામા આવી.





**ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકાના ગામડાઓમાં મગ – ૪૫૦, સોલાર ટ્રેપ -૩૦૦, નેપિયર ઘાસ – ૪૫૦, ડીવોર્મિંગ કીટ – ૩૦૦૦ અને માઈક્રો ન્યુટ્રીયન્ટ – ૩૧૪ કીટનું ડેમોન્સ્ટ્રેશન માટે વિતરણ કરવામાં આવ્યું.**







**ડભોઈ તથા શિનોર તાલુકાના પ્રોજેક્ટ વિસ્તારના ૨૦ ખેડૂતોને IPM, INM ડેમોનું વિતરણ તેમજ નિદર્શન કરવામાં આવ્યું.**



Avirat Agro Producer Company Limited • Khambha •

SSKK

# અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લીમીટેડ

## માટી અને પાણી ચકાસણી કેન્દ્ર – ખાંભા

Mg B Mn Cu Fe

### તમારી જમીનની તંદુરસ્તી તપાસો

આપની જમીનનો રીપોર્ટ કરવી જમીનમાં રહેલા અને ઉણપ ધરાવતા પોષક તત્વોનું પૃથ્થકરણ કરવી, ભલામણ મુજબ ખાતરનો ઉપયોગ કરો.

**બિયારણ :** સર્ટીફાઈડ બીજ નિગમ મગફળી, ચણા, ઘઉં, BG-2 કપાસનું બિયારણ

**ખાતર :** નેનો યુરીયા, એરંડાનો ખોળ, સુક્ષ્મ પોષક તત્વો, એન.પી.કે., મેક્ષી મિક્સ, સલ્ફર, ઝીંક, વર્મી કમ્પોસ્ટ

**ઓર્ગનીક ઈનપુટ:** ટ્રાઇકોડર્મા વીરડી, નીમ ઓઈલ, મેટારીઝીયમ, માઈકોરાઈઝા, હ્યુમિક, એસીડ, એમીનો એસીડ, રેઝીસ્ટ, બાયો કોઝીમ વર્ધક, રીચ વીટા, સુપર કોટ.

એડ્રેસ : મું.ખાંભા, ચલાલા મેઈન રોડ, કુમારશાળા સામે, ખાંભા,જી.અમરેલી–૩૬૫૬૫૦. મો.૭૩૮૩૫૬૨૨૦૫


સંસ્થા દ્વારા ચાલતા પ્રોજેક્ટની કામગીરીના ઉપયોગી બની શકે તેવા યુટ્યુબના માધ્યમથી વિડ્યો નિહાળવા અને અમારી ચેનલને સબસ્ક્રાઈબ કરવા **અહી ક્લિક કરો**

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org